## –: હજ્જે બયતુલ્લાહનાં અરકાન અને મનાસિકની એક ઝલક :–

નવમા ફાતેમી ઈમામ મૌલાના અહમદિલ મસ્તૂર (અ.સ.) આપના કિતાબ "રસાઈલે ઈખ્વાનુસ્સફા" ની બીજી જિલ્દનાં છઠ્ઠા રિસાલામાં (જે તબીઅતની માહીયતનાં બયાનમાં છે) તેહરીર ફરમાવે છે કે, "અય મારા ભાઈ ! અલ્લાહ તમને અને હમને પોતાની રૂહથી તાઈદ બખ્શે ! તું જાણી લે કે, ઝમીન આ આલમનું મરકઝ છે અને હવા તેમજ અફલાક (આસમાનો) એને ચારે તરફથી મોહીત છે, ઘેરેલા છે. એની મિસાલ બયતુલ્લાહિલ હરામની છે કે, જે હરમને બરાબર દરમિયાનમાં છે. તમામ આસમાનો (અફલાક) ઝમીનને મરકઝ (મધ્યબિંદુ) બનાવી ચારે તરફ ચક્કર લગાવે છે જે મુજબ તવાફ કરવાવાલાઓ બયતુલ્લાહને ચારે તરફ ચક્કર લગાવે છે. કવાકિબે સાબેતા (જે આખરી આસમાન માં ઠેહરેલા ગ્રહો છે) એની મિસાલ તમામ નમાઝીઓની છે કે જે હર જગા બયતુલ્લાહની તરફ તવજ્જોહ કરીને નમાઝ પઢે છે. કવાકિબે સય્યારાત જે બલંદી (ઔજ) પરથી પસ્તી-નીચેની તરફ અને નીચેથી બલંદીની તરફ હિલચાલ કરે છે, તે હજ્જાજની મિસાલ છે જે અપના શેહરોથી બયતુલ્લાહની તરફ કસ્દ કરે છે અને પછી પોતાના શેહરો તરફ રવાના થાય છે. હજ્જાજ પોતાના વતનથી મક્કામાં આવે છે, તો પોતાના મુલ્કનાં તોહફાઓ અને નફીસો નાદિર ચીઝો લાવે છે જેથી હર શહેરથી નફીસો નાદિર ચીઝો યહાં જમા થાય છે, જેનું હજ્જાજ આપસમાં લૈનદૈન કરે છે અને જે વક્ત વતન તરફ પાછા ફીરે છે તો મક્કાનાં નાદિર તોહફાઓ અને અલ્લાહ તરફથી મગફેરત અને ખુશનૂદી લઈ પાછા ફીરે છે. આ જ હુકમ ફલકે મોહીત, સાબિત-ઠેહરેલા સય્યારાત અને સિતારાઓના છે, જે પોતપોતાની ખાસીયત અને તાસીરોને મુતાબિક જહાનને (આલમને) ફૈઝ પહોંચાવે છે અને એક મુદ્દત બાદ ઝમીનમાંથી નફસોની બઅસત (ઉઠવું) થાય છે તો પાછા ફિરતી વક્ત ચંદ નફ્સો ફાયદાવાલી અને ચંદ નુકસાનવાલી બની જાય છે.

હવે એય મારા મહેરબાન ભાઈ ! અલ્લાહ તમને અને હમને પોતાની રૂહથી તાઈદ બખ્શે ! તું સમઝ કે આ જહાને ફાનીથી રૂહાની જહાન તરફ તારી વાપસી કેવી છે. યાદ રાખ અય મારા ભાઈ ! હજ્જનાં મનાસિક અને અરકાન એવી મિસાલો છે કે, જેને અલ્લાહતઆલાએ નફસોની નજાત વાસ્તે બયાન કીધા છે; જે એ જગા પરથી આવે છે એને તે જ જગા પર પાછું વલવાનું છે. અકલમંદ ગૌરો ફિકર કરે અને પોતાની આ આલમ (જહાન) માંથી વાપસી થાવાની તૈયારી કરે જેથી એને ખિતાબ થાય કે, "અય ઈત્મિનાન વાલી જાન તારા રબની તરફ વાપસ પલટીને આવીજા, તું રબથી રાઝી અને રબ તારાથી રાઝી, મારા બંદાઓમાં દાખિલ થા અને મારી જન્નતમાં આવી જા." આ ઈલાહી નિદાનો તું જવાબ દે કે, "અલ્લાહુમ્મા લબ્બૈક લા શરીક લકા લબ્બૈક." ઈબરત હાસિલ કર અય ભાઈ ! હજ્જાજ પોતાના વતન તરફ પાછા વલે છે અને એક પછી બીજા કાફલાવાલાઓ સાથે મુલાકાત થાય છે અને એકબીજાને મદદ કરે છે અને પોતાને સાથે સાઝો-સામાન લઈને જાય છે, એ જ મુજબ આ જહાનથી બીજા જહાનની તરફ જાવાવાલા વાસ્તે આખેરતના તૌશાની ઝરૂરત છે ! તું એકલો તે જગા જઈ નથી શકતો, રસ્તો દરાઝ છે, ખૌફનાક છે, શયતાન બેહકાવનારો તાકમાં બેસેલો છે, તુને હર જગા પર મદદગારોની ઝુરૂરત છે; તેથી તુને તારા મુખ્લિસ સાચા ભાઈની મદદની ઝુરૂરત છે જેની તાઈદ અને શફાઅતથી તું જહન્નમથી નજાત હાસિલ કરી બિલા હિસાબ જન્નતમાં દાખિલ થઈ જાય.

અય મારા ભાઈ ! બયતુલ્લાહ તરફ તવજ્જોહ કર, શાયદ તું અરફાત પર વકફો કરીને મઆરિફ વાલાઓને મુતાબિક હકીકી માઅરેફત હાસિલ કરી શકે. પછી તું મુઝદલેફાહની તરફ જા અને મિના જઈને દિલી મુરાદોને હાસિલ કર. જાણી લે તું અય મારા ભાઈ ! માઅરેફત અને સાચી સમઝ બગૈર હજ્જ કરવાવાલો મનાસિકનો મુશાહેદો તો કરે પણ એનો મકસદ માઅલૂમ ન કરે; તો તે હજ્જને બચ્ચાંઓનો ખેલ-રમત સમઝીને પોતાના દીનથી ભટકાઈ જાશે. એ જ મુજબ હર ઉમ્મતની ઈબાદતો અને શરીઅતના અરકાન અમ્સાલ-ઓઠાઓ છે. ઈબ્રાહીમ ખલીલુલ્લાહ (અ.સ.) ને એ મુજબ અમ્સાલ કાઈમ કીધા. આપને બયતુલ્લાહ તાઅમીર કીધા અને હજરે અસ્વદને તેની જગા પર મુકા. મનાસિકની તાઅલીમ આપી. હવે એક ઈન્સાન આ તમામ મનાસિકને ઈલ્મ અને ખરી નઝરથી મુશાહેદો કરે, તો તે ઝરૂર ઈબ્રાહીમ ખલીલુલ્લાહ (અ.સ.) ના મકસદ સમઝી શકશે. અને પોતાના રૂહાની વતન તરફ રૂજૂઅ થાવાની તૈયારી કરશે, પછી તે જગા પર જઈને જોઈ કે કઈ તરહ ફરિશ્તાઓ અર્શે ઈલાહીને ચારે તરફ તસ્બીહો તહલીલને સાથે તવાફ દઈ રહ્યા છે અને ઝમીન વાલાઓ વાસ્તે મગફેરત ચાહે છે. આ ફરિશ્તાઓ અર્શે ઈલાહીને ઉચકનારાઓ છે. એને ઘેરીને રાખે છે, જે મુજબ કવાકિબે સાબેતા યાઅની ઠેહરેલા સિતારાઓને ફલકે મોહીતએ ઘેરેલા છે; જે તરહ હજ્જાજ બયતુલ્લાહને ઘેરીને તવાફ દે છે.આસમાનોને ઉપર બયતે માઅમૂર છે જેની તરફ હરરોઝ હઝારો ફરિશ્તાઓ હજ્જ કરે છે અને કહે છે કે, આ બયતુલ્લાહિલ હરામ બયતે માઅમૂર ને બરાબર નીચે મુકાબિલમાં છે.

અય મારા ભાઈ ! આ પણ જાણી લે કે, અંબિયા (અ.સ.) ની શરીઅતો નો ઈખ્તિલાફ તબીબોના ઈલાજોના ઈખ્તિલાફ મુતાબિક છે. તમામ અંબિયા (અ.સ.) નું દીન એક જ છે કે ઉમ્મતને હિદાયત આપીને આ આલમે ફસાદમાંથી આઝાદ કરીને આલમે રૂહાની તરફ લઈ જાય. આમ તબીબોનો મકસદ પણ એક જ હોય છેકે, બીમારોને શીફાયાબ કરે. અય મારા ભાઈ ! તું બૈદાર થઈ જા અમલ વાસ્તે જેથી તું પણ ફરિશ્તાઓના ઝુમરામાં શામિલ થઈને આસમાનના મલકૂતમાં પહોંચી જાય ! અય મારા ભાઈ ! તું એ લોગોને સાથે ન રહે જે દુનિયામાં જ રહેવાનું પસંદ કરે છે અને (આખેરતનો ઈન્કાર કરી) પોતાના અસલી વતન તરફ જાવાનું પસંદ કરતા નથી ! અલ્લાહતઆલા તુંને અય મારા ભાઈ ! જહન્નમના અઝાબથી બચાવે અને હમારા ભાઈઓને દારૂલ કરારમાં પહોંચાવી દે. "ઈન્નહુ અલા કુલ્લે શૈઈન કદીર."

બયતુલ્લાહિલ હરામ મસ્જિદે હરામને દરમિયાનમાં છે. મસ્જિદે હરામ હરમનાં દરમિયાનમાં છે અને હરમ હિજાઝને દરમિયાનમાં છે અને હિજાઝ તમામ ઈસ્લામી શહેરોને દરમિયાનમાં છે. જે મુજબ ઝમીનનો ગોલો હવાના ગોલાને દરમિયાનમાં, હવાનો ગોલો ચાંદના ફલકને દરમિયાન, ચાંદનો ગોલો સાત અફલાકના ગોલાઓને દરમિયાનમાં છે. હર જગાથી નમાઝીઓનો તવજ્જોહ બયતુલ્લાહની તરફ હોય છે. તો સિતારાઓ (કવાકિબ) ના કિરણોનો તવજ્જોહ ઝમીનમાં મરકઝ (સેન્ટર) ની તરફ છે અને કવાકિબ પોતાના ગોલામાં (આસમાનોમાં) ફીરે છે; જેમ કે તવાફ દેવાવાલાઓ બયતુલ્લાહની ચોતરફ ફીરે છે. એમાંથી બાઝ હજ્જાજ આહિસ્તા અને બાઝ જલ્દી ચાલે છે, બાઝ દૌડ લગાવે છે અને બાઝ ભાગે છે, તેઓની મુખ્તલિફ દૌડ એક જ જાનિબ-તરફ હોય છે. આહિસ્તા ચાલવાવાલો અગર રૂકને ઈરાકી પર પહોંચે, તો જલ્દીથી ચાલવાવાલો રૂકને શામી તક પહોંચે, તો દોડવાવાલો રૂકને યમાની તક પહોંચે અને તૈઝ ભાગવાવાલો રૂકને હજરે અસ્વદ ને નઝદીક પહોંચે. આ તરહથી આહિસ્તા ચાલવાવાલાને અગર તવાફનો એક ચક્કર થાય તો ભાગવાવાલાના ઘણા ચક્કર થઈ જાય. લેકિન તમામનો કસ્દ કાઅબાને ડાબી તરફ રાખીને એક જ જાનિબમાં જાવાનો છે. આ મુજબ જ ઝમીન ને ચારે તરફ સિતારાઓનો ચક્કર હોય છે.

જાણી લે તું અય મારા મહેરબાન ભાઈ ! બયતુલ્લાહિલ હરામ તમામ ઈસ્લામી આલમની ઝૈબો ઝીનત છે. એની હજ્જ કરવું તે સઆદત છે કે, જે બંદાઓની નફસોને કરામતવાલા ફરિશ્તાઓનો મકામ અતા કરે છે. આ તો અંબિયા (અ.સ.) ની ઝમીન છે, ઔસિયા (અ.સ.) ના મશહદો છે, ઈબાદતનું ઘર છે અને નૈકબખ્તીનો સબબ છે. આ ઘર તે કેવું ઘર કે, જે ઘરની તરફ તવજ્જોહ કરીને તવાફ દેવામાં આવે છે અને તેની તરફ નઝર કરવું ઐન ઈબાદત હોય. આ તે બયત (ઘર) છે કે તમામ આસમાનનો ફૈઝ જેની તરફ જારી થાય છે, એનાં મનાસિકની અદાયેગીથી અને એની હિકમતની માઅરેફતથી નફસોની તકમીલ થાય છે; અને નબીએ મુસ્તફા (સ.અ.વ.વ.), વલીએ મુરતઝા (સ.અ.) અને અઈમ્મતે હોદા (અ.સ.) ની તરફ શૌક પૈદા થાય છે. જેથી આ હસ્તીઓનો ઈત્તિસાલ થાય છે; અમાનત, ખુશૂઅ, ખુઝૂઅ, દિયાનતનાં હુસૂલથી જન્નતે કુદસની બરકતો બેહતરીઓ નસીબ થાય છે. મૌતને બાદ એ નૂર મીલે છે કે, જેથી કબરોની વહશત દૂર થાય છે અને માઅબૂદે હકીકીથી કુરબત મીલે છે.

અય મારા ભાઈ ! તું આ મશાહિદ (મુકદસ મકામાત) તક પહોંચવાને વાસ્તે ઈજતેહાદ કર, જેથી તું તવાઝોઅથી ઈબાદત કરી શકે અને તું દુનિયાના તમામ હમ -ગમ થી નજાત હાસિલ કરી શકે. દિલનો શૌક જ તે જગા જાવા વાસ્તે તુંને આમાદહ કરશે. ઈબ્રાહીમ ખલીલુલ્લાહ (અ.સ.) એ બહુકમે ખુદા બયતુલ્લાહની તાઅમીર કીધી, એના કવાઈદ (કોનાઓ અને બુનિયાદ) ને બલંદ કીધા, એમાં હજરે અસવદને નસબ કીધા જેને જીબરઈલ (અ.સ.) એ આપને લાવીને આપો. રસૂલુલ્લાહ (સ.અ.વ.વ.) ના અસરે મયમૂનમાં આ બયતુલ્લાહની તરમીમ કરવામાં આવી હતી તો આપે જ હજરે અસવદને એની અસ્લી જગામાં નસબ કીધા. હજરે અસવદ મીસાક છે તો એને બોસો દેવું ઈમામુઝ્ઝમાન (અ.સ.) ને બયઅત-અહદ આપવું છે. તે વક્ત આ દોઆ પઢવામાં આવે. "અલ્લાહુમ્મા અમાનતી અદ્દયતોહા બે જોહદી વ મીસાકી તઆહદતોહુ લેયશહદા લી ઈન્દકા બિલ બલાગ." અય અલ્લાહતઆલા મેં અમાનત અદા કીધી, મીસાક અદા કીધો જેથી આ હજરે અસવદ મારે વાસ્તે તારે નઝદીક બલાગની શહાદત ગુઝારે. હજ્જ અફઝલ અમલ છે. આથી અફઝલ અમલ અલ્લાહની રાહમાં જેહાદ કરવું છે. તવાફનો સવાબ મગફેરતને બરાબર છે. અરફાહ પર વકફો કરવાવાલાઓની હાજત પૂરી થાય છે, ગુનાહોની મગફેરત થાય છે, એક દિરહમના ખર્ચના એવઝમાં હઝારો નેકીઓનો સવાબ મીલે છે. હજ્જને જેમ ઉમરાહ કરવું ફરઝ છે. હર ખૈરને તલબ કરવા વાસ્તે હજ્જ-ઉમરાહ કરો. "લબ્બૈક અલ્લાહુમ્મા લબ્બૈક" કહીને અલ્લાહથી કુરબત હાસિલ કરો, અલ્લાહની તરફથી જવાબ મીલે, કે "લબ્બૈક સઅદૈક" અય મારા બંદા ! તું હાઝિર છે તો હું પણ હાઝિર છું. તું સઆદતમન્દ છે, તેથી હું તારે વાસ્તે હાઝિર છું. ---- તમામ ---- ★